ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવાના વાસણોમાં માટે ISI માર્કાવાળા એલ્યુમીનીયમ પ્રેસર કુકરનો સમાવેશ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૩/૧૫૭ /૨,
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૩ /૦૪/૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૦/૧૨/૧૯૮૪ ના ઠરાવ ક્રમાંક-પરચ/૧૩૮૪/ક

(૨) કમિ.શ્રી, મ.ભો.યો. ના તા. ૨૦/૨/૨૦૧૩ પત્ર ક્રમાંકઃ મભય/અમલ/વાસણો/૨૦૧૨-૧૩/૧૧૮૬

ઠ રા વ –

ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવાના વાસણો સંદર્ભ-૧ના ઠરાવના બિડાણના પરિશિષ્ટ -૧માં દર્શાવેલ વાસણોની યાદી નક્કી કરવામાં આવેલ છે. સંદર્ભ-(૧)ના ઠરાવના બિડાણના પરિશિષ્ટ -૧માં દર્શાવેલ વાસણોની યાદીમાં જે તે સમયે પ્રેસર કુકરનો સમાવેશ કરવામાં આવેલ ન હતો આ કુકરનો ઉપયોગ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે તો રસોઇ બનાવવામાં ઘણી ઝડપ આવે ઉપરાંત મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે ગેસ કનેકશન પુરા પાડવામાં આવેલા હોય બળતણમાં ઘણો બચાવ થાય તેમ છે. જેથી કમિ.શ્રી, મ.ભો.યો. ના સંદર્ભ-(૨)ના પત્રથી ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર રસોઇ બનાવવાના વાસણોમાં માટે ISI માર્કાવાળા એલ્યુમીનીયમના નીચે જણાવેલ ૧૦ થી ૪૦ લીટરના પ્રેસર કુકરનો સમાવેશ રસોઇના વાસણોમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રના લાભાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખીને કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**૧.** **૧ થી ૫૦ લાભાર્થીની સંખ્યાવાળા કેન્દ્રને ૧૦ લીટરનું પ્રેસર કુકર**
**૨.** **૫૧ થી ૧૦૦ લાભાર્થીની સંખ્યાવાળા કેન્દ્રને ૧૫ લીટરનું પ્રેસર કુકર**
**૩.** **૧૦૧ થી ૨૦૦ લાભાર્થીની સંખ્યાવાળા કેન્દ્રને ૨૦ લીટરનું પ્રેસર કુકર**
**૪.** **૨૦૧ થી ૫૦૦ લાભાર્થીની સંખ્યાવાળા કેન્દ્રને ૪૦ લીટરનું પ્રેસર કુકર**

પુખ્ત વિચારણાને અંતે ઉપર મુજબ ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર રસોઇ બનાવવાના વાસણોમાં માટે ISI માર્કાવાળા એલ્યુમીનીયમના ઉપર જણાવેલ ૧૦ થી ૪૦ લીટરના પ્રેસર કુકરનો સમાવેશ રસોઇના વાસણોમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રના લાભાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખીને સંદર્ભ-૧ના ઠરાવના બિડાણના પરિશિષ્ટ -૧માં દર્શાવેલ વાસણો યાદીમાં સમાવેશ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૮/૦૩/૨૦૧૩ ના રોજની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એન. મારુ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. }કમીશ્રી.મ.ભો.યો.મારફતે
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રી,
- સિલેકટ ફાઇલ.